E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

✱Editor : Pradip A. Raval (Mo) 98246 53073 ✱ Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

✱Volume : 10 ✱ Issue No. 307 ✱Date: 28.08.2024WEdnesday ✱Page :04 ✱Rs. 1.00/- ✱Annual Rs. 351/-

# રાજકોટમાં મેઘતાંડવ, ૧૨ કલાકમાં ૧૧ ઈંચ








રાજકોટમાં આજે મેઘતાંડવ જોવા મળ્યું હતું. ગત રાતના ૧૨ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધીમાં મુશળધાર ૧૨ ઈંચ વરસાદ ખાબકતા શહેર બેટમાં ફેરવાઈ ગયું હોય તેવા ઠેર ઠેર દશ્યો જોવા મળ્યા હતા. આથી લોકોનું જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. બપોર બાદ મેઘરાજાએ વિરામ લેતા ધીમે ધીમે પાણી ઓસરવાનું શરૂ થયું હતું. જો કે, ઘણા વિસ્તારોમાં હજુ પણ પાણી ઓસર્યા નથી. રાજકોટની જીવાદોરી સમાન આજીડેમ ૬૭ વર્ષમાં ૨૦મી વખત ઓવરફ્લો થતા આજીએ ફરી એક વખત રાજકોટવાસીઓને રાજી કરી દીધા છે.રાજકોટ શહેર તથા જિલ્લામાં વરસી રહેલા ભારે વરસાદ તેમજ આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહીને પગલે ધરોહર લોકમેળો આજથી રદ કરવામાં આવ્યો છે તથા સ્ટોલ ધારકોએ ભરેલી રકમ તેમજ ડિપોઝિટની રકમ ૧૦૦ ટકા પરત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી દ્વારા લોકહિતને ધ્યાનમાં રાખીને મેળો રદ કરવાનો આદેશ આપતા રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા આજથી મેળો કેન્સલ કરવાનો નિર્ણય લેવામા આવ્યો છે. રાજકોટમાં વર્ષો બાદ એવું પ્રથમ વખત બન્યું હશે કે, વરસાદને કારણે મેળો રદ કરવો પડ્યો હોય.રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર જાહેર કરાયેલા આંકડા મુજબ, શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૧૧.૮૧ ઈંચ વરસાદ નોંધાઈ ચૂક્યો છે જ્યારે આ સાથે જ સિઝનનો કુલ વરસાદ ૩૭.૨૫ ઈંચ થઈ ગયો છે. રાજકોટ શહેરમા છેલ્લા ૨૪ કલાકમાં સેન્ટ્રલ ઝોનમાં ૧૩ ઈંચ, વેસ્ટ ઝોનમાં ૧૦ ઈંચ અને ઈસ્ટ ઝોનમાં ૧૨ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે સીઝનનો સેન્ટ્રલ ઝોનમાં ૪૦ ઈંચ, વેસ્ટ ઝોનમાં ૩૨ ઈંચ અને ઈસ્ટ ઝોનમાં ૪૦ ઈંચ વરસાદ નોંધાયો છે. શહેરમા આજે સવારે ૬ વાગ્યાથી બપોરે ૩ વાગ્યા સુધીમાં સેન્ટ્રલ ઝોનમાં ૭ ઈંચ, વેસ્ટ ઝોનમાં પોણા ૫ ઈંચ અને ઈસ્ટ ઝોનમાં ૬ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.રાજકોટ શહેરમાં અતિભારે વરસાદને પગલે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સાવચેતીના વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત લોકોનું રેનબસેરા અને સ્કૂલો ખાતે સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે. ગત મધરાત બાદથી શહેરના જુદા-જુદા વિસ્તારોમાંથી કુલ ૧૨૯૯ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. તેમજ આ તમામ લોકો માટે ફૂડ પેકેટ્સ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ અસરગ્રસ્તોનું નજીકની શાળાઓ અને રેનબસેરામાં સ્થળાંતર કરવામાં આવ્યું છે. સાથે સાથે મ્યુ. કમિશ્નર દેવાંગ દેસાઈ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ લોકોની જુદી જુદી ફરિયાદોના નિકાલ માટે સતત ફિલ્ડમાં છે. ભારે વરસાદ અને પવનને કારણે કુલ ૬૧ વૃક્ષો ધરાશાયી થયા હતા. જેને ગાર્ડન શાખા દ્વારા દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી અને જુદા-જુદા વિસ્તારમાં વરસાદી પાણી ભરાવાની કુલ ૩૩ ફરિયાદોનો મહાનગરપાલિકા દ્વારા જ્ઞઝ્ર સહિતના વાહનોની મદદથી નિકાલ કરવામાં આવ્યો છે. હાલમાં પણ આ કામગીરી યથાવત્ છે.રાજકોટ જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદને પગલે પાણીમાં જોખમ ન ખેડવા જિલ્લા તંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી રહી છે ત્યારે જામકંડોરણા તાલુકાના બોરીયા ગામના ખેડૂતની વાડીએથી ચાર લોકોનું સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા સુરક્ષિત સ્થળે રેસ્ક્યુ કરાયું હતું.

## ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે એ ગાંધીનગર કંટ્રોલ રૂમ ખાતેથી તાલુકાના તમામ કંટ્રોલ રૂમના અધિકારીઓ અને મામલતદાર સાથે ટેલીફોનિક વાત કરી



ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી શરૂ થયેલા વરસાદના પગલે આજે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે એ જિલ્લા કંટ્રોલ રૂમ ખાતેથી તાલુકાના તમામ કંટ્રોલરૂમ અને અધિકારીઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. દરેક તાલુકામાં કેટલો વરસાદ પડ્યો છે, તેના સાથે કેવી પરિસ્થિતિ છે તેની વિસ્તૃત માહિતી મેળવી હતી. ગાંધીનગર જિલ્લામાં રજાના માહોલ સાથે સાથે વરસાદી માહોલ પણ જામી ગયો છે. છેલ્લા બે દિવસથી સતત ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યમાં વરસાદ વરસી રહ્યો છે. ગઈકાલે રાતથી આજે સવાર સુધી વરસાદ સતત વરસતો હતો.જેથી ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી મેહુલ દવે એ જિલ્લા કંટ્રોલરૂમ ખાતે અચાનક પહોંચી ગયા હતા. ગાંધીનગર જિલ્લાના ચારે તાલુકાના વિવિધ કંટ્રોલરૂમ ખાતે ફોન કરી વરસાદની આંકડાકીય અને અન્ય માહિતી મેળવી હતી. તેમણે તમામ તાલુકાના મામલતદાર શ્રીઓ સાથે પણ વાત કરી હતી.કોઈ અનિચ્છનીય બનાવ, ઝાડ પડી જવા કે કોઈ ઢોરનું મોત થયું હોય તેવી વિગતોની માહિતી પણ મેળવી હતી. કોઈ વિસ્તારમાં ભારે પાણી ભરાયા હોય અને રાહતની જરૂર હોય અથવા કોઈ ટુકડીની જરૂર હોય તો તાત્કાલિક સંપર્ક કરવા માટે તેમણે સંબંધીત અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે જિલ્લાના નાગરિકોને નદી નાડા, તળાવ,ડેમ કે અન્ય કોઈપણ પાણી ભરાતું હોય તેવા સ્થળોએ ના જવા અને આ બાબતે યોગ્ય તકેદારી રાખવા માટે ભાર પૂર્વક જણાવ્યું છે. ગાંધીનગર જિલ્લાના લગભગ તમામ નદી, નાડા, તળાવ અને ડેમોમાં મોટા પ્રમાણમાં પાણીની આવક થઈ રહી છે આ સ્થળો કોઈ વ્યક્તિ ન જાય અને કોઈ પણ દુર્ઘટના બનવા ના પામે તે માટે વહીવટી તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. ઉપરાંત રસ્તા ઉપર થી પસાર થતા હોય ત્યારે કોઝ વે પરથી પાણી પસાર થતું હોય ત્યારે રસ્તો પાર ન કરવા તથા ઉંડા પાણીમાં ન જવા માટે પણ જિલ્લા વહીવટી તંત્ર તરફથી કલેક્ટર શ્રી એ અનુરોધ કર્યો છે.

## મોરબીના ટંકારા તાલુકામાં સૌથી વધુ ૧૪ ઇંચ જેટલો વરસાદ વરસ્યો, કેન્દ્ર સરકારે આર્મીની ૬ કોલમ ફાળવી

ગુજરાતમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. હજુ પણ આગામી ત્રણ દિવસ માટે ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન મોરબીના ટંકારા તાલુકામાં સૌથી વધુ ૧૪ ઈંચ જેટલો, જ્યારે પંચમહાલના મોરવા (હડફ) તેમજ ખેડાના નડિયાદ તાલુકામાં ૧૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. ભારે વરસાદના પગલે ગુજરાતમાં ભારે વરસાદની આપત્તિમાં રાહત-બચાવ તેમજ આપત્તિ વ્યવસ્થાપન માટે કેન્દ્ર સરકારે રાજ્યમાં આર્મીની ૬ કોલમ ફાળવી છે. આ આર્મી કોલમ વરસાદથી વધુ પ્રભાવિત એવા દેવભૂમિ દ્વારકા, આણંદ, વડોદરા, ખેડા, મોરબી અને રાજકોટના જિલ્લા વહીવટી તંત્રને મદદરૂપ થવા ડિપ્લોય કરવામાં આવી છે.રાજ્યના ચરોતર વિસ્તાર એટલે કે, સમગ્ર આણંદ જિલ્લામાં પણ ગત ૨૪





કલાકમાં રાજ્યનો સૌથી વધુ ૧૦ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. સાથે જ પંચમહાલ જિલ્લામાં ૯ ઈંચથી વધુ, જ્યારે, ખેડા અને મોરબી જિલ્લામાં ૮ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત આજે સવારે ૬.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધીમાં રાજકોટના લોધિકા અને રાજકોટ તાલુકામાં સૌથી વધુ ૫ ઈંચ વરસાદ વરસ્યો છે.સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર તરફથી મળેલા અહેવાલ અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં આણંદના બોરસદ, ખંભાત, તારાપુર અને આણંદ તાલુકામાં, વડોદરાના પાદરા અને વડોદરા તાલુકામાં, પંચમહાલના ગોધરામાં અને મોરબીના વાંકાનેર તાલુકામાં ૧૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. સાથે જ આણંદના સોજીત્રા અને પેટલાદ, કચ્છના માંડવી અને નખત્રાણા, ખેડાના વાસો, મહીસાગરના બાલાસિનોર તેમજ દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા તાલુકા ઉપરાંત મોરબી અને રાજકોટ તાલુકામાં ૯ ઈંચથી વધુ વરસાદ થયો છે.વધુમાં, ખેડાના ગળતેશ્વર, મહુધા અને મહેમદાવાદ તાલુકા સહિત જામનગરના કાલાવડ, પંચમહાલના શહેરા, મહીસાગરના સંતરામપુર, અરવલ્લીના મેઘરજ તેમજ અમદાવાદના ધોળકા તાલુકામાં ૮ ઈંચ વરસાદ સાથે સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે. આ ઉપરાંત રાજ્યના ૧૧ તાલુકામાં ૭ ઈંચથી વધુ, અન્ય ૧૧ તાલુકામાં ૬ ઈંચથી વધુ, ૧૬ તાલુકામાં ૫ ઈંચથી વધુ, ૨૫ તાલુકામાં ૪ ઈંચથી વધુ, ૪૦ તાલુકામાં ૩ ઈંચથી વધુ, ૩૭ તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત ૩૫ તાલુકામાં એક ઈંચથી વધુ તેમજ ૪૮ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે.

### દારૂની પરમિટ પર રાજ્ય સરકારે સકંજો કસ્યો

## ૩ વર્ષ પહેલાં રોજ ૧૩ લોકોને અપાતી પરમિટ ૨૦૨૪માં ૫ વ્યક્તિને મળે છે



આરોગ્યના નામે અપાતી દારૂની પરમિટ પર રાજ્ય સરકારે સકંજો કસ્યો

રાજ્યમાં જે રીતે ડ્રગ્સના વેચાણ પર અંકુશ મુકાયો છે તે રીતે દારૂની પરમિટ ઉપર પણ કાપ મૂકવાનું શરૂ કરાયું છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જાહેરાત કરી હતી કે દારૂની પરમિટ આપવામાં સરકારે લગામ કસી છે. પરિણામે ૨૦૨૨માં રોજ ૧૩ વ્યક્તિને પરમિટ અપાતી હતી તે ઘટીને ૨૦૨૪માં માત્ર ૫ વ્યક્તિને અપાય છે. સૌથી વધુ અમદાવાદીઓ અને બીજા ક્રમે સુરતીઓ છે. રાજયમાં જાન્યુઆરી-૨૦૨૧માં ૩૧૫૧૦ને પરમિટ અપાતી હતી. વર્ષ ૨૦૨૨માં આંકડો ૩૮૯૭૦એ પહોંચતાં એક વર્ષમાં રોજની ૧૩ વ્યક્તિને પરમિટ અપાઈ હતી. ૨૦૨૩માં ૪૧૯૫૩ વ્યક્તિને પરમિટ અપાઈ છે. ફેબ્રુઆરી ૨૦૨૪માં ૪૪૧૦૨ને પરમિટ અપાઈ હતી.



ભગવાન શ્રી કૃષ્ણ જન્મોત્સવ જન્માષ્ટમી નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કાર્યક્રમનું આયોજન ભારત માતા મંદિર, સેકટર ૭ ખાતે કરવામાં આવ્યું.

આ અવસરે મેયરશ્રી મીરાબેન પટેલ એ ઉપસ્થિત રહી ગોકુળ ગિરધારીના દર્શન કરીને સૌના જીવનને નવા ઉમંગ, ઉત્સાહ અને આનંદથી ભાવવિભોર કરે એવી પ્રાર્થના કરી હતી.

## તંત્રી લેખ....

# શું લોન સસ્તી થશે?

દેશમાં મોંઘવારી ધીમા ધોરણે ઘટી રહી છે, તેમજ અમેરિકામાં પણ આર્થિક સ્થિતિ થાળે પડતાં ફેડ રિઝર્વ દ્વારા પોલિસી રેટમાં ઘટાડો કરવાના સંકેતો મળ્યા છે. આવી સ્થિતિમાં આરબીઆઈ પણ ખાસ કરીને લોનધારકોને મોટી ભેટ આપતાં આગામી એમપીસી બેઠકમાં વ્યાજના દરો ઘટાડી શકે છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (જીૈં)ના અર્થશાસ્ત્રીઓએ આ અંગે અપેક્ષા વ્યક્ત કરી છે.

એસબીઆઈ ઈકોરેપ રિપોર્ટમાં અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે કે, મોંઘવારીમાં રાહત સંકેત આપે છે કે, આગામી મોનેટરી પોલિસી બેઠકમાં રેપો રેટમાં ઘટાડો કરવામાં આવશે. હાલ દેશભરમાં સાર્વત્રિક સારો વરસાદ નોંધાયો છે. જે અર્થતંત્ર માટે સકારાત્મક છે. રિટેલ મોંઘવારી જુલાઈમાં ઘટી ૩.૫૪ ટકા નોંધઆઈ છે. જે ૫૯ મહિનાના તળિયે છે. જૂનમાં રિટેલ ફુગાવો ૫.૦૮ ટકા હતો.જુલાઈમાં જથ્થાબંધ ફુગાવો ૩ માસના તળિયે ૨.૦૪ ટકા નોંધાયો છે. જે આરબીઆના લક્ષિત દર ૨-૪ ટકા હેઠળ છે. આ સકારાત્મક સંકેતોને ધ્યાનમાં લેતાં ઓક્ટોબરમાં યોજાનારી એમપીસી બેઠકમાં આરબીઆઈ વ્યાજના દરો ઘટાડશે.આરબીઆઈએ મોંઘવારી અને વૈશ્વિક પરિબળોને ધ્યાનમાં લેતાં સતત નવ વખત રેપો રેટ જાળવી રાખ્યો છે. જે હાલ ૬.૫ ટકા છે. અગાઉ દેશમાં મોંઘવારી ૭ ટકાથી વધી હતી. જેને અંકુશમાં લેવા આરબીઆઈ સતત રેપો રેટમાં વધારો કર્યો હતો. મે-૨૨થી ફેબ્રુઆરી-૨૩ સુધી તેમાં ૨.૫ ટકાનો વધારો કર્યો હતો.એસબીઆઈની ઈકોરેપ રિપોર્ટ અનુસાર, મોંઘવારીમાં ઘટાડાની સાથે જીડીપી ગ્રોથની ગતિ પણ મંદ પડી છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથની ગતિ શુષ્ક રહી છે. જૂન ત્રિમાસિકમાં દેશનો રિઅલ જીડીપી ગ્રોથ ૭.૦-૭.૧ ટકા રહી શકે છે. જ્યારે ગ્રોસ વેલ્યૂ એડેડ ગ્રોથ ૭ ટકાથી ઘટી ૬.૭-૬.૮ ટકાની એવરેજમાં રહેશે. ગ્રોથમાં ઘટાડો થવા પાછળનું કારણ મેન્યુફેક્ચરિંગ ગતિવિધિઓમાં ઘટાડો છે.

# ૫૧ શક્તિપીઠ મહોત્સવના નામે મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓને ૧૭૫૦/- રૂપિયાની જમવાની ડીશ અને ૭૨૦/- રૂપિયાની ચાની ચૂસકી : હેમાંગ રાવલ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા અને મીડિયા કોર્ડીનેટર શ્રી હેમાંગ રાવલ અખબારી યાદીમાં જણાવે છે કે, અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ ૨૦૨૪નું આયોજન કરવામાં આવેલ. ૧૨મીથી ૧૬મી ફેબ્રુઆરી સુધી અંબાના ચરણોમાં ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ યોજાયેલ જેમાં મોટી સંખ્યામાં માઇ ભક્તો આ પરિક્રમામાં હાજર રહ્યા હતા.

ઉપરોક્ત કાર્યક્રમની અંદર મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને તેમના મંત્રીશ્રીઓ અને ધારાસભ્યો પણ હાજર રહ્યા હતા તેઓના માટે ચા નાસ્તા તથા જમવાની વ્યવસ્થા પેટે કુલ રૂપિયા ૧૧,૧૨,૩૨૫ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ચૂકવાયા હતા.

જાગૃત નાગરિક દ્વારા આરટીઆઈ દ્વારા પ્રશ્ન પૂછવામાં આવતા માલુમ પડેલ છે કે હકીકતમાં ઉપરોક્ત જમવાનો ખર્ચ કલેક્ટર બનાસકાંઠાના અંદરમાં નાયબ ચૂંટણી કલેક્ટરશ્રીએ તેના ટેન્ડર મંગાવ્યા હતા. પરંતુ ત્યારબાદ કલેક્ટરશ્રીએ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને સૂચન કરીને ઉપરોક્ત બિલ ચૂકવવા કહેલ. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટને લાખો શ્રદ્ધાળુ પોતાની આસ્થાથી દાન આપી રહ્યા છે પરંતુ તેમના દાનનો આ પ્રમાણે દૂર ઉપયોગ થઈ રહ્યો છે અહીં આંખે ઉડીને વળગે તેવી બાબતે છે કે ૧૬ માર્ચ ૨૦૨૪ ના રોજ ચૂંટણી પંચે ચૂંટણી જાહેર કરી હતી. પરંતુ એ પેહલા આ સમયગાળામાં કોઈ ચૂંટણીઓ ન હતી છતાં તે પહેલા નાયબ ચૂંટણી અધિકારીશ્રીઓએ કોના આદેશથી ચૂંટણી પંચના લેટરપેડ ઉપર આવા પ્રકારનો વર્ક ઓર્ડર આપેલ હતો તે પણ એક મોટો તપાસનો વિષય છે. અને ચૂંટણી પંચના ખર્ચ હોય તો એ કેન્દ્રનું ચૂંટણી પંચ અથવા ગુજરાતનું ચૂંટણી પંચ ચૂકવે, ચૂંટણી પંચના લેટર પેડનો દુર ઉપયોગ કરીને ચૂંટણી પંચ બીલ અંબા માતા દેવસ્થાન ટ્રસ્ટને કંઈ રીતે મોકલી શકે? અને મોકલ્યું હોય તો પણ દેવસ્થાન ટ્રસ્ટ બિલ મંજૂર કરે એનું એક જ કારણ જીલ્લા ચૂંટણી અધિકારી હોદ્દાની રુએ બનાસકાંઠા કલેકટર અને અંબા માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન પણ હોદ્દાની રુએ પણ બનાસકાંઠા કલેક્ટર એટલે દલા તરવાડીની જેમ વેહેચણી કરી નાખવાની.

ક્રમ વિગત મંજુર કરેલ ભાવ રૂપિયા
૧ હાઈ ટી (ગબ્બર ખાતે) ૩૬૦.૦૦
૨ હાઈ ટી (સર્કિટ હાઉસ ખાતે) ૩૬૦.૦૦
૩ ભોજન ૧૭૦૪.૦૦

તારીખ તવતારીખ

૧૪-૦૨-૨૦૨૪ ચૂંટણી પંચના લેટર પેડ પર (ઈન્ઈૐૅદ્બં ઇ-ય્ઈદ્બ) ચુંટણી અધિકારી દ્વારા વર્ક ઓડર

૧૫-૦૨-૨૦૨૪ રૂપિયા ૭૨૦ ની ચા તથા ૧૭૪૫ નું ભોજન આરોગાયું

૧૬-૦૨-૨૦૨૪ જિલ્લા ચુંટણી અધિકારીને કોન્ટ્રાકટરે ૧૧,૩૩,૯૨૪ નું બિલ મોકલાયું

૨૮-૦૬-૨૦૨૪ દેવસ્થાન ટ્રસ્ટે કલેકટર અને ટ્રસ્ટ ચેરમેનના સૂચનથી બિલ ચૂકવવા આદેશ કર્યો

વિધાનસભાનાં અધ્યક્ષ આ બધા ફ્ફૈં ને આમંત્રણ આપીને અંબાજી લાવ્યા હતા તો આ બધા અધ્યક્ષના મહેમાનો હતા તો આ ખર્ચ ખરેખર આસ્થા અને શ્રદ્ધાથી ભકતોના આવેલાં દાનના નાણાંથી ખર્ચવાને બદલે અધ્યક્ષશ્રીએ સ્વયં પોતાનાં નાણાં આપવાં જોઈએ અથવા સરકારમાંથી નાણા અપાવવા જોઈએ.

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવને પણ આ બિલની નકલ મોકલવામાં આવેલ છે. દેવસ્થાન ટ્રસ્ટ અને યાત્રાધામ વિકાસ બોર્ડ ભાવિક ભક્તજનોએ આપેલા દાનના નાણાંનો દૂર ઊપયોગ ના કરે તે હવે ગુજરાતની ધર્મપ્રેમી જનતા માગણી કરે છે.

શક્તિપીઠ અંબાજી ખાતે મુખ્યમંદિર સિવાય બીજા ૬૧ મંદિરો (૫૧ શક્તિપીઠ સહિત) દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલન કરવામાં આવે છે. જેની મુર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા પણ કરવામાં આવી છે. ૫૧ શક્તિપીઠ મંદિરોનું લોકાર્પણ ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવેલ હતું. પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી પણ અંબાજી મંદિરમાં પરમ આસ્થા ધરાવતા હતા, આ શક્તિ મંદિરોમાં કોરોના પહેલા માતાજીને વિધિવત રીતે ભોજન થાળ ધરાવવામાં આવતો હતો પરંતુ કોરોના દરમિયાન મહામારીના બહાને ઉપરોક્ત રાજભોગ થાળ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા બંધ કરી દેવામાં આવેલ હતો ત્યારબાદ માઈભક્તોની વારંવાર રજૂઆત બાદ પણ આ રાજભોગ ધરાવવા માટેના શાસ્ત્રોક્ત વિધિ વિધાન હજુ પણ શરૂ કરવામાં આવેલ નથી.

સનાતન ધર્મી સમાજ, સંસ્થા અને માઈભક્તો તથા સ્થાનિક આગેવાનો દ્વારા રજૂઆત કર્યા પછી માત્ર ૮૦ ગ્રામ મોહનથાળનું ચોસલું ધરાવવાનું ચાલુ કરવામાં આવેલ છે પરંતુ આ એકપણ મંદિરોમાં માતાજીને થાળ કે રાજભોગ ધરાવવામાં આવતો નથી. શાસ્ત્રોક્ત વિધીવિધાન મુજબ પ્રાણપ્રતિષ્ઠા કરેલી મુર્તિઓને જીવંત ગણી તેમને થાળ ધરાવવો ફરજીયાત હોય છે. પરંતુ ૫૧ શક્તિપીઠ મંદિરમાં થાળ તો ઠીક માતાજીના વસ્ત્રો અને શણગાર પણ નિયમિત બદલવામાં આવતા નથી.

કોરોના સમયે દેવસ્થાન ટ્રસ્ટે પરિપત્ર દ્વારા કોરોના વાયરસની પરિસ્થિતિ અંકુશમાં ન આવે ત્યાં સુધી ગબ્બર પરિક્રમા માર્ગના મંદિરોમાં તથા દેવસ્થાન હસ્તક દ્વારના પેટા મંદિરોમાં પ્રસાદ તરીકે રેવડી સિંગ સાકર ધરાવી માતાજીને શાસ્ત્રોક્ત વિધિ વિધાનથી પ્રસાદ ભોગ ધરાવવાનું તેમજ પરિસ્થિતિ અંકુશમાં આવ્યા બાદ પુનઃ ખાતાના થાળ/રાજભોગ ચાલુ કરવાનું જણાવેલ હતું પરંતુ હજી સુધી કોઈ નિર્ણય લેવાયેલ નથી.

અંબાજીના સ્થાનિકો તથા માઈ ભક્તોની રજૂઆતના આધારે ગુજરાત કોંગ્રેસ માંગણી કરે છે કે જો મુખ્યમંત્રીશ્રી અને ધારાસભ્યશ્રીઓને માટે ૧૭૪૫ રૂપિયાની જમવાની થાળી અને ૩૬૦ની ચાની ચૂસકી ધર્મપ્રેમી જનતાએ આપેલા દાનના રૂપિયાથી ચૂકવવામાં આવતું હોય અને માતાજી પોતે ભૂખ્યા રેહતા હોઈ તો ૫૧ શક્તિપીઠ મંદિરમાં માતાજીની આસ્થા સમાન રાજભોગની પણ પેહલાના સમયની જેમ કાયમી વ્યવસ્થા કરવામાં આવે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ










**Nog sso No: 229**
પ્રકારઃ ગદ્ય શબ્દોઃ૩૫૦
વિષયઃ કૃષ્ણમય ( કૃષ્ણલીલા)
શીર્ષકઃશકિત સાથે ભક્તિમય શ્રીકૃષ્ણલીલામૃત
લેખકઃ" પ્રપાશી " પરેશ મ. પાઠક

મધુરાષ્ટકમ જેના માટે રચાયું છે અને જેનું બધું જ મધુર છે એવા કૃષ્ણ માત્ર એક યુગના યુગ પુરુષ નહીં પણ જન્મો જન્મતરોના સંપૂર્ણ પુરુષોત્તમ છે.તે પોતે સર્વે વેદો, ઉપનિષદો , કલા , શાસ્ત્રો ,પુરાણો, નીતિઓના જ્ઞાતા- પ્રણેતા અને પારંગત અધિષ્ઠાતા છે.

શ્રાવણવદઆઠમની મધ્યરાત્રીએ મથુરાની જેલમાં દિવ્ય તેજ સાથે જન્મનાર બાળકૃષ્ણએ તરત જ માતા દેવકી અને પિતા વસુદેવને કંસના ભયથી મુક્તિ આપી દીધી હતી.પોતાના આખા જીવન દરમિયાન કૃષ્ણે સત્ય, ન્યાય , અને ધર્મનો ઉપદેશ સાથે અનુસરણ પણ કરી બતાવ્યું છે.

જગતમાં સારું કાર્યકરનારનું અમિદ્રષ્ટિથી શ્રેય કરવાનો પરંતુ ખરાબકાર્ય કરનારનો સુદર્શન ચક્ર ફેરવીને નાશ કરનાર કૃષ્ણ તો ભક્તોના માનીતા મનમોહક જ છે.ભક્તોના ભાવ સાથે રાધા તથા મીરાંબાઈના પ્રેમ સાચવીને સસરાચારને મોહ પમાડનાર ગીરધર જગવિખ્યાત છે.

અલબત્ત સમગ્ર બ્રહ્માંડમાં તેની આન,બાન અને શાન અતુલનીય હોવાથી ૧૬૦૮ પટરાણીઓમાં પણ રાધાકૃષ્ણના જીવનને આદર્શ દંપતિના સ્વરૂપે લોકોએ સર્વત્ર પૂજેલા છે.અનિષ્ટોનો નાશ કરી મંગલમય ચેતનવંતી સિદ્ધિઓ મેળવવા જગતને ઉત્તમ સંદેશનું સ્મરણ અને આચરણ સર્વને શ્રેયકારી નીવડે છે.

મહાભારતના યુદ્ધમાં અર્જુનને ભગવદગીતા નો ઉપદેશ આપવી જ્ઞાન પ્રાપ્તિનું માધ્યમ બનાવીને નિષ્કામ કર્મયોગ ચીંધનાર કૃષ્ણ સમગ્ર વિશ્વને નિરંતરસદાચારી અને કલ્યાણકારી કાર્યો કરતા રહેવાનું મહામૂલું સુચન આપી જાય છે.કૃષ્ણને ભગવાનનુંદિવ્યસ્વરૂપ માનવા પાછળ તેની મંગલમય અમીદ્રષ્ટિ પામવાનો દરેક ભક્તોનો મનોરથ હંમેશા માટે રહેલો છે.

ધર્મ , અર્થ, કામ અને મોક્ષના પ્રણેતા કષ્ણે જ્ઞાન-વિજ્ઞાન, - સાહિત્ય - સંગીત અને -ભક્તિ વૈરાગ્યના ક્ષેત્રોમાં તો નવા જ ઈતિહાસો રચ્યા છે.આ પૃથ્વી પરના સજીવોના હ્રદયકમળમાં યુગો સુધી આધિપત્ય જમાવનાર કૃષ્ણમય લીલામૃત આલેખન , વર્ણન કે અનુભૂતિ એકાદ જીવનમાં શક્ય ન હોવાથી જ તો કૃષ્ણભક્તો તેના જન્મ જન્માંતરના સાથસંગાથની એષણા રાખે છે.

કૃષ્ણના જીવનના તમામ પ્રસંગો પોતે જ એક ઉત્તમ ઉત્તમ પ્રેરણાસ્ત્રોત હોવાથી સૃષ્ટિ માટે સર્વોત્તમ માર્ગદર્શક છે.કૃષ્ણનું દર્શન માત્ર કરુણામય, પ્રેમાળ ,મંગલકારી, બળબુદ્ધિ અને મોક્ષને પ્રદાન કરનારું છે.તેના શરણમાં આવેલ કોઈપણ સજીવનો તે ઉદ્ધારક-મુક્તિદાતા બને છે.

કૃષ્ણની જીવનલીલા ગોકુળ ,મથુરા,વૃંદાવન, ડાકોર , દ્વારકા ,સોમનાથ, કુરુક્ષેત્ર અને યમનાજળ કે યુદ્ધ ભૂમિ વચ્ચેના મહત્વની ભૂમિકા ભજવી રહેલ માર્ગદર્શક તરીકેની હોય તો પણ સર્વના માટે તે પ્રેરણાત્મક, અનુકરણીય અને મોક્ષદાયી રહેલ છે.

એટલે તો "શ્રીકૃષ્ણ શરણં મમ " નાસૂત્રને સાચા ભાવથી અપનાવનાર જીવાત્મા કદી દુઃખી ન થતાં સંપૂર્ણ મોક્ષના અધિકારી બનીને સચરાચતના પ્રણેતા બનીને અસુરોના નાશ કરનારો અને વિશ્વના કલ્યાણકારી કૃષ્ણનો અનુરાગી બની જાય છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:-349**
પ્રકાર - પદ્ય શબ્દ :-૧૩૧
વિષય :-કૃષ્ણ. શીર્ષક :-કામણગારા? કૃષ્ણ

કોઈ કહે કૃષ્ણ ને કોઈ કહે શ્યામ ક્યાં નામે લખવી અમારે કવિતા,
કણ કણમાં તો પ્રભુનો વાસ ક્યાં સરનામે લખવી અમારે કવિતા...

નંદ યશોદા, દેવકી વાસુદેવ નો એ છે લાડલો , ગોવાળનો સખો પ્યારો,
કામણગારાની છબી જગમાં છે પ્યારી કેવી રીતે લખવી અમારે કવિતા...

માથે મોરપીંછ સજાવી ગોવાળ સંગ ગાયો ચરાવે ગોકુળની ગલીઓમાં,
શ્રીકૃષ્ણની લીલા તો છે અપરંપાર એનાં વિશે કેવી રીતે લખવી અમારે કવિતા...

કદંબ વૃક્ષની ડાળીએ બેસીએ એ તો મીઠી મધુરી વાંસળી વગાડતો,
ગોપીઓની મટકી ફોડનાર એ માખણચોર પર લખવી છે અમારે કવિતા....

એ તો દ્વારિકાનો નાથ , એ તો છે મીરાનો માધવ એને માયા લગાડી રે,
દ્રોપદીના સખાની વાત જ નિરાળી કેમ કરીને લખવી અમારે કવિતા....

હજારો છે એની પટરાણી ,એક રાધા તો છે શ્રીકૃષ્ણના દિલની રાણી,
સૃષ્ટિના સર્જનહારની વાત જુદેરી , કેવી રીતે હવે લખવી અમારે કવિતા...

-જગડ ભાર્ગવ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 340**
વિષય :- કૃષ્ણમય રચનાઃ - પદ્ય
વિષય : જન્માષ્ટમી

નંદ નો ગોપલ મારો કૃષ્ણ કનૈયો,
ગિરધર ગોપાલ મારો કૃષ્ણ કનૈયા..!

દ્વારકાનો નાથ મારો કૃષ્ણ કનૈયો,
ડાકોર નો નાથ મારો કૃષ્ણ કનૈયો..!

ગોકુળ નો ગોપાલ મારો કૃષ્ણ કનૈયો,
મથુરાનો ગોપાલ મારો કૃષ્ણ કનૈયો..!

નંદનો જાયો મારો કૃષ્ણ કનૈયો,
યશોદાનો લાલ મારો કૃષ્ણ કનૈયો..!

વાસુદેવનો દુલારો મારો કૃષ્ણ કનૈયો,
દેવકીનો વાલો મારો કૃષ્ણ કનૈયો..!

બળદેવ નો ભાઈ મારો કૃષ્ણ કનૈયો,
સુદામાનો મિત્ર મારો કૃષ્ણ કનૈયો..!

કંસનો વધ કરનાર મારો કૃષ્ણ કનૈયો,
આખી દુનિયાનો પાલનહાર મારો કૃષ્ણ કનૈયો..!

"સ્વયમભુ" રાસલીલા કરતો મારો કૃષ્ણ કનૈયો,
નંદ નો ગોપાલ મારો કૃષ્ણ કનૈયો..!

અશ્વિન રાઠોડ"સ્વયમભુ"વનાળીયા.મોરબી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 187**
પ્રકારઃ પધ શબ્દઃ ૧૭૭
વિષયઃ કૃષ્ણ મય
શીષૅક : કાન મારા ઝુલણીયામા ઝુલો.
લેખીકા : ચારુલતા દોષી.

ઝુલો ઝુલો કાન મારા ઝુલણીયા માં ઝુલો.
તમને ઝુલાવુ હેત ના હિંડોળે.
હેમ ના હિંડોળા નથી મારી કને
તમને હૈયાના હિંડોળે ઝુલાવુ..... ઝુલો.... ઝુલો...

સોનાના રમકડાં નથી મારી કને.
તમને મમતા ના મોતીથી રમાડુ . .. ઝુલો... ઝુલો..

માખણ ને મિશ્રી નથી મારી કને.
તમને હેત ની લાડુડી જમાડુ... ઝુલો... ઝુલો...

ઝુલો ઝુલો લાલ મારા પારણીયામાં ઝુલો.
તમને હિંચોળુ હેત ના હિંડોળે.... ઝુલો... ઝુલો...

હેત ને પ્રીત સિવાય કાંઈ નથી મારી કને.
તમને અંતરના ઓરડે હિંચોળુ... ઝુલો... ઝુલો...

ચારુલતા દોષી..મુંબઈ થાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:0051**
વિષયઃકૃષ્ણમય,જન્માષ્ટમી, કૃષ્ણાયન
શીર્ષકઃ "અવતર્યા મધરાતે મોહન.!"
પ્રકારઃ પદ્ય શબ્દઃ ૧૩૫

શ્રાવણ વદ આઠમ,
અવતર્યા મધરાતે મોહન..!

જગતના નાથ પધાર્યા,
નંદ ઘેર મહોત્સવ..!

પારણે ઝૂલે વનમાળી,
ગોપ- ગોપીઓ કૃષ્ણમય બન્યા..!

જન્માષ્ટમીનો પર્વ આજ,
શેરીએ રાસની રમઝટ..!

અંતર્યામીના ચરણ પખારવા,
શિવજીએ ધર્યો સાધુવેશ..!

અનોખુ હરિહરનું મિલન,
અદ્ભુત મિત્રતાની માયા..!

ભૂમિનો ભાર ઉતારવા,
કૃષ્ણલીલા રચી વ્હાલે..!

નામઃઉર્વશી મહેતા..અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.: 0141***
★વિષય : "કૃષ્ણાયન"★
★શીર્ષકઃ "શીખવ!"★ ★શબ્દ સંખ્યાઃ ૧૫૫★

હે કૃષ્ણ! તું જગદગુરૂ...
છેડા બે ભેગા, કરવા માસ અંતે, અઘરું;
વધારાનું મળે, વિત્ત થોડું, ફૂડ કપટ તો શીખવ!
લાભાલાભના શક્ય, લભ્ય રસ્તા શોધું,
ન થાઉં સ્વાર્થી, છતાં લાભૂં, ખટપટ તો શીખવ!
વસ્ત્ર સઘળાં જર્જરિત થયાં છે,
શાખ કો'ની, સાચવવા, ચીર પૂરવાનું તો શીખવ!
આયુધ ઓછાં ને બૂઠ્ઠી ધારવાળાં,
રણમેદાનમાં વિના શસ્ત્ર રૈ, જીતવાનું તો શીખવ!
કોઈ હતાશ પાર્થને શૂર ચડાવું,
લાધે ધ્યેય એજ, ગીતાજ્ઞાન આપવાનું તો શીખવ!
દુઃશાસન કે કંસ, ના આથડે કદી,
કૃઘ્ધ થઈ કદી, કર કાપતું, ચક્ર સુદર્શન તો શીખવ!
ના રૂઠે રાધા, પચાવે ઝેર મીરાં,
પાઠ પ્રેમના, અહીં થાય સ્વીકાર કેમ? તે તો શીખવ!
બની દ્રૌપદી પંચ સાથે ચાલું,
બળે તત્વો વિકારના, દેહ પવિત્ર કરવાનું તો શીખવ!
સમયે સમયે ઉજાગર થવાનું,
રહી નેપથ્યે, રાખી દોર, ધીર ચલાવવાનું તો
આભાર - નિહારીકા રવિયા શીખવ!
ત્રાહિમામ છે જગત સઘળું,
ચાલશે, તું ન આવે તો; મને અવતરવાનું તો શીખવ!
રસિકભાઈ વ પરમાર"રવ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS.NO.0098**
વિષયઃ- જન્માષ્ટમી
પ્રકારઃ- ગદ્ય શીર્ષકઃ- ઉત્સવ

ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ માતા દેવકી વ વાસુદેવજી ના આઠમીં સંતાન ના રૂપે ભાદ્રપદ માસે કૃષ્ણ પક્ષની અષ્ટમી તિથિમાં રોહિણી નક્ષત્રમાં મધ્યરાત્રી ૧૨:૦૦ વાગે થયો હતો .

જન્માષ્ટમીમાં અમુક શ્રધ્ધાળુઓ ઉપવાસ રાખે છે .શ્રીકૃષ્ણની ભજન, કથાઓનું શ્રવણ, નામ જપ, મંત્ર જાપ કરે છે .રાત્રે ૧૨:૦૦ વાગે વિધિ વિધાનથી પૂજા કરીને પ્રસાદી ગ્રહણ કરે છે .

નટવરનાગર શ્રી કૃષ્ણ એવા સંપૂર્ણતાના પરિચાયક છે જેમાં મનુષ્ય, દેવતા, યોગીરાજ તથા સંતો આદિ બધાના ગુણો સમાહિત છે. સમસ્ત શક્તિઓના અધિપતિ યુવા
કૃષ્ણ મહાભારત માં કર્મ પર જ વિશ્વાસ રાખે છે.ગોકુળના ગ્વાલા, બિરજનો કાન્હા ધર્મની રક્ષા માટે સંબંધોના માયાજાળથી દૂર મોહમાયા ના બંધનોથી જુદા છે.

કૃષ્ણનું જીવન બે છોર થી બંધાયેલો છે .એ ઓર(બાજુ )બાંસુરી છે જેમાં સૃજનનો સંગીત છે ,આનંદ છે ,અમૃત છે અને રાસ છે તો બીજી ઓર (બાજુ )શંખ છે ,જેમાં યુદ્ધની વેદના છે ,ગરલ છે તથા નીરસ્તા છે. આ વિરોધાભાસથી સમજાય છે કે સુખ છે તો દુઃખ પણ છે .

માખણચોર નંદકિશોરના જન્મદિવસ પર મટકી ફોડ પ્રતિયોગિતા નું ગામ,શહેર, દેશમાં આયોજન થાય છે. આ ખેલમાં સંતુલન, એકાગ્રતાથી લક્ષ્યને પ્રાપ્ત કરવાનો સંદેશ મળે છે.

યશોદાનો નટખટ લાલ તો ક્યાંક દ્રોપદીના રક્ષક ગોપીઓના મનમોહક તો ક્યાંક સુદામાના મિત્ર! દરેક સંબંધમાં રંગાયેલો કૃષ્ણ ના જીવન નવરસમાં સમાયેલો છે .

સૃજનના અધિપતિ ,ચક્રધારી, મધુસુદનનો જન્મદિવસ ઉત્સવના રૂપે મનાવીને અમારા તમારા બધાંના ઉત્સાહનો સંચાર થાય છે .
શ્રીકૃષ્ણ જેમનું નામ છે .

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

ગોકુળ એમનું ધામ છે .
આવા શ્રીકૃષ્ણ ભગવાનને વારંવાર પ્રણામ છે.
મિત્રો, આપ સૌને જન્માષ્ટમી ની હાર્દિક શુભકામના.
લીના શર્મા..હાલોલ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય : કૃષ્ણમય-જન્માષ્ટમી
શીર્ષક : 'યુગાવતાર શ્રીકૃષ્ણ'
ગદ્ય/પદ્ય : ગદ્ય-લેખ, શબ્દઃ ૩૩૮

જન્માષ્ટમીનો પર્વ આવી રહ્યો છે. ભારતમાં અને વિદેશમાં ઠેર ઠેર એની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવશે. હિન્દુ સંસ્કૃતિમાં પૌરાણિક કથાઓ, ધર્મગ્રંથો, મહાભારત અને ભગવદ્ ગીતા, આ બધામાં શ્રીકૃષ્ણની ભગવત્ લીલાનો ઉલ્લેખ છે. ભગવાન શ્રીકૃષ્ણના જીવનના પ્રત્યેક પ્રસંગો માનવજાત માટે પ્રેરણાદાયી અને બોધદાયી છે. એટલા માટે જ તો આજે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વભરમાં શ્રીકૃષ્ણને અનુસરતા કેટલાય ભક્તિપંથ કાર્યરત છે, જેના દ્વારા આજના યુગમાં સહુ વ્યવહાર કૌશલ્ય અને મનની શાંતિ મેળવે છે. કૃષ્ણ એટલે ભક્તિ અને ધર્મનો પર્યાય. કૃષ્ણ એટલે જ્ઞાનનો ભંડાર. કૃષ્ણ એટલે સામાન્ય વ્યક્તિ માટે કળિયુગના પથદર્શક.

શ્રીકૃષ્ણનું જીવન અસંખ્ય લીલાઓથી ભરપૂર છે. તેમના જીવનદ્રષ્ટાંતો સામાન્ય મનુષ્ય માટે નાની નાની સમસ્યાઓ માટે હલ પુરો પાડે છે અને જીવનને ઉન્નત બનાવવા માટે પ્રેરણા પૂરી પાડે છે. ઈર્ષ્યા, ક્રોધ, અહંકાર, વેર-ઝેર, અપ્રમાણિકતા અને તૃષ્ણા જેવા ગુણોને અપરાજીત કરી જીવન જીવવાની શીખ આપે છે. જીવનની વિપરીત પરિસ્થિતિઓમાં અન્યાયનો સામનો કરવાની અને સત્યને વળગી રહેવાનો સંદેશ આપે છે. કળિયુગમાં માણસના વાણી, વિચાર અને વ્યવહાર આદર્શ રૂપે કેવો હોવો જોઈએ તેનું માર્ગદર્શન શ્રીકૃષ્ણના જીવન ઉપરથી મળે છે જે બીજાને હાનિ પહોંચાડ્યા વગર પોતાનું જીવન પ્રસન્ન બનાવતાં શીખવે છે.

નિર્મોહી પ્રેમ કરતાં શીખવું હોય તો કૃષ્ણ પાસેથી શીખાય. માતા-પિતા પ્રત્યેની અસ્ખલિત લાગણી અને મમતા બાલકૃષ્ણની લીલાઓમાંથી જાણવા મળે. મિત્રો પ્રત્યેનો આદર અને સ્નેહ દ્વારકાધીશ શ્રીકૃષ્ણના ગરીબ મિત્ર સુદામા પ્રત્યેની મિત્રતાનું ઋણ ચુકવવાની ચેષ્ટાથી વ્યક્ત થાય. ન્યાય અને અન્યાયમાં અન્યાયનો સાથ ન આપતાં માત્ર ન્યાય અને સત્યનો સાથ આપી કૌરવોને ત્યજી પાંડવોની પડખે ઊભા રહેનાર શ્રીકૃષ્ણનું જીવન ઉદાહરણરૂપ છે.
મહાભારતનું મહાયુદ્ધ રોકવા અને શાંતિ સ્થાપવા માટે દરેક પ્રયત્ન કરી છૂટનાર શ્રી કૃષ્ણ જ હતા. મહાભારતને ધર્મયુદ્ધમાં ફેરવનાર યુગાવતાર શ્રીકૃષ્ણ જ હતા. યુદ્ધમાં સામે પક્ષે પોતાના વંશના આદરણીય વડીલો, ગુરુજન અને આપ્તજનોને જોઈને યુદ્ધના સંકલ્પથી વિચલિત થયેલા મહાન યોદ્ધા અર્જુનને ભગવદ્ ગીતા દ્વારા કર્મ અને જ્ઞાનનો સંદેશ આપી ન્યાય અને સન્માન માટે યુદ્ધ ભણી વાળનાર શ્રીકૃષ્ણ પોતે અર્જુનના રથના સારથી બન્યા અને મહાભારતનું યુદ્ધ સત્યના પક્ષે કર્યું.

જન્માષ્ટમીના શુભ પર્વ ઉપર આવા મહાન યુગાવતાર અને આજના યુગના પથદર્શક શ્રીકૃષ્ણને યાદ કરી કોટી કોટી વંદન.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 368**
વિષયઃ કૃષ્ણમય
પ્રકારઃ પદ્ય    વિષયઃ પ્રેમ

ઉંમર ક્યાં જોવાય છે વિનુ પ્રેમમાં !
ચાર આંખો મળી જાય છે પ્રેમમાં !!

ભેદ ના હોય પ્રેમમાં, એ તો થઈ જાય !
નિકટ હો યા દૂર વિરહ રહે પ્રેમમાં !!

રાધા-કૃષ્ણના વિરહથી પ્રેમગાથા મશહૂર !
પ્રેમ દૈહિક હોય એવી શરત ક્યાં હોય પ્રેમમાં !!

લાગણીની ભીનાશ ચડે છે ને વરસે છે પ્રેમમાં !
એક હૃદયથી બીજા હૃદયની સફર છે પ્રેમમાં !!

વિના વાણીએ આંખોથી વાતું થાય પ્રેમમાં !
કોરા કાગજ પર કલમ વિના ષટકોણ રચાય પ્રેમમાં !!

પ્રેમમાં ક્યાં બંધન હોય છે "પ્રેમજ્યોતિ" !
પોતે મટી જાય ને "તું" બની જવાય પ્રેમમાં !!
જ્યોતિ મહેતા "પ્રેમજ્યોતી"બારડોલી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 223**
વિષય :- કૃષ્ણમય
શીર્ષક :- સર્વત્ર કૃષ્ણમય
પ્રકાર :- પદ્ય - શબ્દ :-૧૧૮

જાગીને જોઉં તો જગત સર્વત્ર કૃષ્ણમય કૃષ્ણમય,
આ વર્ષા, વહેતી હવા, લીલી ધરતી સર્વત્ર કૃષ્ણમય.

બંસીનાદ, નરસિંહ કરતાલ, મીરાં નાચે કૃષ્ણમય,
વૃંદાવન રાસે, રાધા-કૃષ્ણ ગોપી સર્વ છે કૃષ્ણમય.

કુરુક્ષેત્રે ગીતા ગાન, વ્રજરજ, વેણુનાદ સર્વત્ર કૃષ્ણમય;
યમુનાતટે, ગોકુલગામે, મથુરા કંસ-કુબ્જા સંગે સર્વત્ર કૃષ્ણમય.

પ્રેમકૃષ્ણ, કૃષ્ણપ્રેમ, યોગી-વિયોગી સર્વત્ર કૃષ્ણમય,
દ્વૈત-અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત-શુદ્ધાદ્વૈત, સનાતન સર્વ કૃષ્ણમય.

મથુરાની જેલે મધરાતે પ્રકાશપુંજ પ્રગટે કૃષ્ણમય,
દેવકી યશોદા, ગોકુલ મથુરા, વૃંદાવન સર્વત્ર કૃષ્ણમય.

રાધાનું મોરપીંચ્છ બંસી, સુદામાના તાંદુલ બને કૃષ્ણમય,
કૃષ્ણ એટલે જ પ્રેમ ભક્તિ સમર્પણ, ગીતા જ્ઞાન કૃષ્ણમય.

પામીએ કૃષ્ણ કૃપાશરણ, પછી જીવ, જગત બને કૃષ્ણમય,
સત્, ચિત્ , આનંદ, સત્યમ, શિવમ્, સુંદરમ્ ઈતિ કૃષ્ણમય.

નામ : દેવેન્દ્ર આચાર્ય

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 0220**
વિષય :- કૃષ્ણમય
શીર્ષક :- સર્વત્ર કૃષ્ણમય
પ્રકાર :- ગદ્ય - શબ્દ : ૮૨
જન્માષ્ટમી પર્વ થી હું શીખ્યો ?કે
બાલકૃષ્ણ જેવી રમૂજ, નિર્દોષ મન જીવનમાં આવે છે. સામાજિક જીવનમાં પ્રિય જનોને સાચો પ્રેમ આપું. બાલકૃષ્ણ દર્શન કરી પોતાના અને અન્ય બાળકને પણ લાગણી સંબંધ કાનૂની નિયમોને ધ્યાનમાં રાખી પ્રેમ આપું. જીવનની રોજબરોજની નાની નાની બાબતોમાં આનંદ મેળવવા ઈરાદો રાખું છું. જો કે જીવતે જીવ આ ધરતીને સ્વર્ગ બનાવવા કંઈક મથું થોડી મથામણ. મને મનમાં થાય છે કે હું હતો બાળ ગોપાળનો સખો , ધરતી તું મારી વહાલી વસુંધરા છે, મારી માતા છે. માત્ર સામાજિક પરિપ્રેક્ષ્યમાં છે.
નામઃ
રશ્મિકાંત જે દવે

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No/0044**
વિષયઃ- જન્માષ્ટમી શબ્દોઃ ૮૫
પ્રકારઃ- પદ્ય શીર્ષકઃ- કૃષ્ણ જન્મ

રાત્રે ૧૨ વાગ્યે કાના નો જન્મ જ થાય.
જન્મ થતાં જ દ્વારપાળ ઘેનમાં સરે,
જેલનાં દરવાજા નાં તાળાં ખૂલે.
વાસુદેવ નાં શિરે બેસી છટકી જ જાય.
યમુના કેરાં પૂરમાં મારગ બને.
હેમખેમ પહોંચે નંદ ને ઘેર.
દેવકીનંદન બની મોટો રે થાય.
અંતે મામા કંસ નો વધ રે કરે.
રાજ્યમાં સહુને સુખ શાંતિ મળે.
મહાભારત યુધ્ધમાં સારથિ બની.
યુધ્ધમાં અર્જુનને ગીતા બોધ જ આપે.
પાંડવો સંગ રહી સત્ય કેરો આપે.
જન્મ ધરી કાનાએ આપ્યો જીવન કેરો બોધ.
શ્રવિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS NO 224**
વિષય :-"કૃષ્ણમય"-"કૃષ્ણલીલા"-"કૃષ્ણાયન"-"જન્માષ્ટમી"
શીર્ષક :- "મારો શ્રીકૃષ્ણ"
પ્રકાર :- પદ્ય - શબ્દ :-૭૮

મથુરાના કારાવાસે જન્મ્યા તમે,                ગોકુળની ગલીઓમાં રમ્યા તમે.

દેવકીનંદન છો ન્યારા તમે,
મા યશોદાના છો દુલારા તમે.

વૃદાંવનમાં રાસ રચાવ્યા તમે,
ગોપીઓના મનને ભાવ્યા તમે.

મધુવનમાં બંસરી બજાવી તમે,
રાધારાણીને દિલમાં સજાવી તમે.

રાણી રૂક્ષ્મણીના નાથ તમે,
દ્વારકાનગરીના છો જગન્નાથ તમે.

કુરુક્ષેત્ર યુદ્ધનું કર્યુ માર્ગદર્શન તમે,
ભગવદગીતાનું કરાવ્યું દર્શન તમે.

જન્માષ્ટમીના પર્વે સૌ મ્હાલો ,
'પ્રીતાર્ષ'ને સદા શ્રીકૃષ્ણ વ્હાલો.

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 150**
વિષય : કૃષ્ણ શીર્ષક : ઓ શામજી
પ્રકાર : પદ્ય ગીતશબ્દ : ૧૦૦

નહીં રે લડે, નહીં રે લડે તને માવડી,
ગોકુળીયે પાછો આવ ઓ શામજી...નહીં રે લડે

બોલાવે છે તને ગામની ગાવડીયું;
સુણવા તરસે છે તારી મીઠી વાંસળીયું;
આવીને સૂર તું લહેરાવ ઓ શામજી .નહીં રે લડે

પનઘટના મારગે ફોડજે મટકીયું;
કાંકરીયું સામેથી દેશે ગોપલીયું;
કાંકરીયું મારવા તું આવ ઓ શામજી નહીં રે લડે

માખણ મટકી શીકે છે લટકી;
માત જશોદા દેશે મિસરીની કટકી;
માખણ ખાવા તું આવ. ઓ શામજી .નહીં રે લડે

કાળિયો કેશે નહીં કોઈ ગોપલીયુ;
ખેંચવા દેશે નવરંગી ઓઢણીયું;
ઓઢણીયું ખેંચવા તું આવ ઓ શામજી.નહીં રે લડે

જ્દેવેન્દ્ર જોશી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG NO.0059**
વિષય કૃષ્ણાયન/ જન્માષ્ટમી
પદ્યય.- શબ્દોઃ૧૪૨
શિર્ષક ઝૂલે જુલેછે નાથ..
લેખક જયકાન્ત ઘેલાણી★પ્યારે★

ઝૂલે જુલેછે જગ નો નાથ
આજ ઝૂલે જુલેછે નાથ (૨ )

ઝૂલે જુલે દેવકી-વાસુ નંદ
ઝૂલે ,જુલે જશોદા નંદ
ઝૂલે જુલે નંદબાવા નો નંદ
ઝૂલે જુલે રૂકમણી નો કંથ
ઝૂલે જુલેછે રાઘા કેરો શ્યામ
આજ ઝૂલે જુલે જગનો નાઘ
ઝૂલે જૂલે ગોકુળ મથુરા નંદ
ઝૂલે જૂલે છે જગત નાથ
આજ ઝૂલે જુલે જગત નાથ
પ્યારે ઝૂલે જુલે છે આપણો નંદ
ઝૂલે જુલે સૂદામા પ્રેમ પ્યાસી
ઝુલે જૂલે અષ્ટ પટરાણી કંથ
વાહ ઝૂલે જુલે અર્જૂન સારથી

ઝૂલે જુલે આજ આપણો નાથ
પ્યારે ઝૂલે જુલે આપણો રાજ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 358**
વિષયઃ કૃષ્ણાયન
પ્રકાર : ગદ્ય
વિષય : મામેકં શરણં વ્રજ.

શ્રીમદ્ ભગવદ્ ગીતા ના અઢાર માં અધ્યાય માં જ્યારે અર્જુન મહાભારત ના રણસંગ્રામ માં
મોહ ની માયાજાળ માં વિચલિત બને છે ત્યારે તેનો મોહ દૂર કરવા ભગવાન શ્રી કૃષ્ણ ઉપદેશ આપતા કહે છે કે 'તું સઘળા ધર્મો ને ત્યજીને બસ મારા એક ને જ શરણ આવ, હું તને સર્વ પાપો થી મુક્ત કરીશ.
અર્જુને પણ યુદ્ધ સમયે માંગવા નું આવ્યું ત્યારે અઢાર અક્ષૌહિણી સેના નો ત્યાગ કરીને એક ભગવાન ને રાખ્યા ,
તો એક ભગવાન ને રાખવા થી વિજય નિશ્ચિત થઈ ગયો. એમ આપણા જીવન ની દોર એક પરમાત્મા ના હાથ માં સોંપી દઈએ , જીવન ના સારથી ભગવાન બની જાય પછી સુખ આવે તો સુખ અને દુઃખ આવે તો દુઃખ ,
પણ આપણું મન ગ્લાનિ ન પામે.
જે થયું એ પણ સારા માટે અને જે થાય છે એ પણ સારા માટે અને ભવિષ્ય માં જે થશે એ પણ સારા માટે.
સર્વ કર્તા હર્તા એક પરમાત્મા ને સર્વસ્વ સોંપી દઈએ તો આપણું યોગક્ષેમ વહન કરવાની એમણે બાહેધરી લીધી જ છે.
આપણું સર્વસ્વ એમને સોંપી દઈએ પછી આપણે નિશ્ચિત બની ગયા. સનાથ થઈ ગયા.

"અનાથ પણા નું મેણું ઉતર્યું, સદા થયા સનાથ,
ગ્રહ્યો હરી એ હાથ , ભાગ્ય જાગ્યા રે આજ જાણવા"

સૌમ્ય ' નીલ ' નિલેશ સોલંકી ઉનાવા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS NO - 196**
પ્રકાર - પદ્ય રચના,
વિષય - કૃષ્ણમય શીર્ષક - ' કાનુડાની મૂર્તિ '

કાનુડાની મૂર્તિને કોઈ ન જોશો... કોઈ ન જોશો
મનડાને તનડાનું ભાન જ ખોશો...જો ધારીને જોશો,

---------- કાનુડાની મૂર્તિને કોઈ ન જોશો... કોઈ ન જોશો

આંખોમાં છે એની ગજબનો જાદુ... ગજબનો જાદુ
જોતાં જ થાય એને મન બેકાબુ... મન બેકાબુ
સાચું રે કહું છું ના ના, ના ના રે જોશો..ના ના રે જોશો

અમી ભરેલી એની જાદુઈ આંખ છે
ઢીંચણ સુધીનાં લાંબા લાંબા હાથ છે
અણિયાળું નાક એનું, મોહક ગાલ છે
વાંકડિયા વાળ એનાં મતવાલી ચાલ છે

સાચું રે કહું છું ના ના, ના ના રે જોશો..ના ના રે જોશો

કાનોમાં કુંડળ અને હાથોમાં કંગન
કેડમાં કંદોરો સોહે,પાયલ છનછન
પીળું પીતામ્બર છે,મુગટ શોભાવન
વાંકડિયા વાળમાં મોરપીંછ છે રંગીન

સાચું રે કહું છું ના ના, ના ના રે જોશો..ના ના રે જોશો

કાલી કામલીવાળો ગાયોનો ગોવાળ છે
મીઠી મીઠી બોલી એતો માખણ ચોર છે
યશોદાનો કાનજી અને ગોપીઓનો મોહન
રાધાજીનો શ્યામ છે એતો છે પ્રાણજીવન

સાચું રે કહું છું ના ના, ના ના રે જોશો..ના ના રે જોશો

મોહક સ્મિત જેનું, શ્યામવર્ણ કાયા મનભાવન
ત્રિભુવનનો સ્વામી જેનાં નામો હજાર લોભાવન
રાસ રચાવે ગોપીઓ સંગ, બંસીનાં સૂરમાં કરે મસ્તમગન

સાચું રે કહું છું ના ના, ના ના રે જોશો..ના ના રે જોશો

કાનુડાની મૂર્તિને કોઈ ન જોશો... કોઈ ન જોશો
મનડાને તનડાનું ભાન જ ખોશો...જો ધારીને જોશો

તન્વી શુક્લ ( નડિયાદ )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S NO 163**
શબ્દઃ જન્માષ્ટમી
પ્રકારઃ પદ્ય રચના. શબ્દઃ૮૯

શ્રાવણ વદ આઠમની રાતે,
ભરપૂર વરસાદી મધરાતે
અવતરણ થયું જગદીશ્વરનું!
કહેવાય એ જન્માષ્ટમી..

કાનુડા ના જન્મ દિને!
ઘંટારવ થાય મંદિરીયે,
ભક્તજનો અંતર્મન થી,
પોકાર કરે જગદીશ્વરને..
★હાથી..ઘોડા..પાલખી★
★જય કનૈયા લાલકી★

સોના રૂપાના પારણામાં,
કાનુડો ઝૂલે ઝૂલતો..
મુખડું મલકાવી મરકતો,
નંદ જશોદાનો જાયો..

કાનમાં કુંડળ, હાથમાં કલ્લા,
ગળામાં વૈજંતી માળા..
સોહાય માથે મયુરપીંછ,
લાગે કામણગારો કાનો..

ગોપીઓની મટકી તોડતો,
માખણ છાનો ખાતો!
ગ્વાલ બાલ સંગ ધેનુ ચરાવતો,
નંદ યશોદાનો જાયો..

સૌનો એતો લાડકવાયો,
ચમત્કાર એ કરતો..
કાનુડાની ભક્તિ કરતાં!
ભક્તજનો હરખાતાં..

શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી, 'મૌની'વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO -0050**
વિષય - જન્માષ્ટમી
વિષય - મારા શ્યામ.
ઓ મારા શ્યામ તારાં અનેકો છે નામ..!
ક્યાં નામે બોલાવું તને..!
જ્યારે જ્યારે સાદ પાડું દોડ્યો ચાલ્યો આવજે..!
રાધા તને બોલાવે કાના..!

મીરાં બોલાવે શ્યામ..!
યશોદાનો નટખટ કનૈયા..! અર્જુનનો સારથી..!
કુરુક્ષેત્રની ભૂમિ પર ગીતાનો સાર રચનાર..!

હું મનુ ક્યાં નામે બોલાવું વ્હાલા..!
શ્રાવણ વદ આઠમે ધરા પર મનાવીએ જન્મોત્સવ ..!
તમે તો પૂર્ણ પુરુષોત્તમ..! કદમની ડાળે મસ્તી કરતો ગોપીઓ સંગે..!

કાના તારી
આભાર - નિહારીકા રવિયા પ્રીતડી અનોખી તારી રીત અનોખી..!
રુક્મિણી નાં સ્વામી.!
રાધા રાણીનો તો જીવ તમે..!
ગોપીઓને ભાન ભૂલાવી વાંસળી નાં સૂરમાં..!

ગોકુળ વૃંદાવનની ગલીઓમાં બાળલીલા કરી..!
દ્રૌપદીની લાજ રાખી..!
વિરાટ સ્વરૂપના દર્શન અર્જુનને કરાવ્યાં..!
ગીતાનાં રચયિતા ,
વિષ્ણુસહસ્ત્ર નામ સ્તોત્ર પણ રચાયતા...!

હે કૃષ્ણ તારાં વગર હું અધૂરી..!
તારાં વિશે શું લખવું મારી લાયકાત નથી..!
એ લખવા માટે ..!
બસ અંત સમયે મારો હાથ ઝાલજો.!

મીઠી મુરલીના સૂરમાં શાન ભુલાવી દે છે..!
તન મન ભલે જુદા હોય..!
પણ તુંજમાં સમાઈ જાવ..!
હે મારા દીનાનાથ..!

રાગીની શુક્લ "રાગ"મુંબઈ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS no.369**
પ્રકારઃ પદ્ય. વિષય : જન્માષ્ટમી
શીર્ષક- માખણ ચોર

શ્રાવણ સુદ આઠમ ની રાતે
આવ્યો વરસાદ પણ રાતે

કરું તારા નામનો કાના શોર
જન્મીયો આજ માખણ ચોર

કાના તારા નામ છે હજાર
પધારો મારા આંગણે કેટલીવાર

આવો આજ ચકાજી નાં આંગણે
ઝુલાવે ચકો આજ સોનાના પારણે..

છે આજ આઠમ રમશું રાતે રાસ
રમો સૌ બાળ આજ રાત છે ખાસ

નિતીન કુમાર (ચકો)સુરેન્દ્રનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS.NO.73**
પ્રકાર.. ગદ્ય વિષય..કૃષ્ણ મય.
શીર્ષક : કૃષ્ણ ને જાણો.

કોઈ પણ સ્ત્રીને મિત્ર બનાવ્યા પછી એને દિલોજાનથી ચાહવાની એની મુશ્કેલી એ મારી મુશ્કેલી સમજવાની એ જ્યારે બુમપાડે કાના મને તારી જરૂર છે ત્યારે એ સખીને દૂરથી પણ આબરૂ સચવાય એવી મદદ કરે તે કૃષ્ણ એક ઉત્તમ મિત્ર એક આદર્શ પતિ સુદામા જેવા ગરીબ મિત્રનો સાચો સખા દ્રૌપદી જેવી સ્ત્રી મિત્રનો સાચો સાથી કૃષ્ણને કશું જોઈતું નથી
બસ આપવું છે પ્રેમ લાગણીને મદદ
કૃષ્ણ જ્યારે સત્યભામા ને પરણીને લાવ્યા ત્યારે રૂકમની એમના સ્વાગતમાં ના ગયા ત્યારે કૃષ્ણ રૂકમણીના રૂમમાં જાય છે ને કહે છે દેવી તમે ને આમ ઉદાસ અંધારામાં કેમ
તમે પટરાણી છો ત્યારે રૂકમણી કહે છે પ્રભુ હવે તમારો પ્રેમ વહેંચાઈ જશે એ ડર થી મન ઉદાસ થઈ ગયું ત્યારે કૃષ્ણ કહે છે દેવી હું તમને પણ એટલોજ પ્રેમ કરીશ જેટલો સત્યભામા ને કરીશ
મારા પ્રેમમાં કોઈ અંતર નહીં આવે પણ સ્ત્રી સહજ પોતાના પતિનો પ્રેમ કોઈને વહેંચવામાં આવે એ સહન ન કરી શકે કૃષ્ણ કહે દેવી હું દરેકને એટલોજ પ્રેમ કરું જેટલો તમને કરું છું મારો પ્રેમ દરેક માટે છે તમારો પ્રેમ નહીં વહેચાય તમને એવું લાગે છે દેવી હું મારા ઉપર આસ્થા રાખનાર મને સમર્પિત થનાર દરેકને હું પ્રેમ કરું છું રાધા મીરા નરસિંહ મને પામવો સરળ છે દેવી ની :સ્વાર્થ પ્રેમ કરનાર દરેક વ્યક્તિ માટે મને એટલોજ પ્રેમ છે જેટલો તમારી સાથે પ્રેમ કરુણા ક્રોધ બધુજ લોકોના ઉદ્ધાર માટે જીવનાર કૃષ્ણ..કૃષ્ણ એટલે એવી પર્સનાલિટી જે યંગ જનરેશન ને પણ આકર્ષીત કરે..
નયના પટેલ..નૈન

# ચોમાસામાં સંભવિત આપત્તિનો સામનો કરવા જિલ્લા વહીવટી તંત્ર સજ્જ

વડોદરા જિલ્લામાં ચોમાસાની ઋતુને અનુલક્ષીને પૂર, વાવાઝોડું, અતિવૃષ્ટિ જેવી સંભવિત પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. આ સંભવિત કુદરતી આપદાઓને પહોંચી વળવા વડોદરા જિલ્લામાં જિલ્લા કક્ષાએ તેમજ તમામ તાલુકા મથકોએ નિયંત્રણ કક્ષ શરૂ કરવામાં આવ્યા છે.

વડોદરા જિલ્લા કક્ષાએ કલેક્ટર કચેરી ખાતે નિયંત્રણ કક્ષ શરૂ કરવામાં આવ્યો છે, જેનો સંપર્ક નંબર ૧૦૭૭ અને ૦૨૬૫-૨૪૨૭૫૯૨ છે. આ ઉપરાંત તાલુકા કક્ષાએ પણ મુખ્ય મથક ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. જેના સંપર્ક નંબરો જણાવીએ તો, પાદરા તાલુકાના કંટ્રોલ રૂમનો સંપર્ક નંબર ૦૨૬૬૨-૨૨૨૫૯૦ છે. આવી જ રીતે સાવલી તાલુકા માટે ૦૨૬૬૭-૨૨૨૦૪૫ (મોબાઈલ - ૯૪૦૮૩૧૬૬૦૨), કરજણ તાલુકા માટે ૦૨૬૬૬-૨૩૨૦૪૬, ડભોઈ તાલુકા માટે ૦૨૬૬૩-૨૫૪૩૧૫, વાઘોડિયા તાલુકા માટે ૦૨૬૬૮-૨૬૨૨૨૯ (મોબાઈલ - ૮૧૪૦૬૩૦૧૪૬), ડેસર તાલુકા માટે ૦૨૬૬૭-૨૯૯૦૮૭/૮૮, શિનોર તાલુકા માટે ૦૨૬૬૬-૨૬૪૨૭૨ તેમજ વડોદરા તાલુકા માટે ૮૨૦૦૭૪૬૨૯૨ નંબર પર સંપર્ક કરવાનો રહેશે. આ તમામ કંટ્રોલ રૂમ અને સંપર્ક નંબરો ૨૪★૭ કાર્યરત રહેશે. ચોમાસા દરમિયાન ભારે કે અતિભારે વરસાદ, વાવાઝોડું, પૂર, પાણી ભરાઈ જવાની સમસ્યા સહિતના નિરાકરણ માટે વડોદરા જિલ્લાના નાગરિકો ઉક્ત નંબરો પર ગમે ત્યારે સંપર્ક કરી શકશે.

તદુપરાંત જિલ્લામાં આરોગ્ય, ફાયર, વન વિભાગ, જિલ્લા પંચાયત, માર્ગ-મકાન વિભાગ અને સિંચાઈ વિભાગ દ્વારા પણ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. વરસાદી પાણીના નિકાલ માટે પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નક્કર આયોજન કરવામાં આવ્યું છે.



બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા તાજેતરમાં આયોજિત ટેબલટેનિસ પ્રીમિયર લીગ એલ્ફીજાયન્ટની ટીમે જીતી હતી, જયારે મેગઝ મુંબઈની ટીમ બીજી આવી હતી. તેની પહેલાં વૉલીબૉલ પ્રીમિયર લીગ ટુર્નામેન્ટ તેજસ ઈલેવને જીતી હતી. અગાઉ યોજાયેલી અન્ય ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં સ્પર્ધકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. થ્રો બોલ ટુર્નામેન્ટમાં મિક્સ ટીમમાં દીવે કે ડેવિલ્સ વિજેતા, બીજા ક્રમે જેનિલ કે જોશીલે, મહિલાઓમાં વિજેતા ડિમ્પલ વૈષ્ણવ, બીજા ક્રમે અવનિ કપાસીની ટીમ રહી હતી. આ ઉપરાંત કેરમ અને બેડમિન્ટન ચેમ્પિયનશિપ પણ યોજાઈ હતી.




કેનેડા ખાતે ગુજરાતી સમાજ દ્વારા અદમન્તં પ્રભાતંવં અરિયા મા હોલ ખાતે નવરાત્રી નુ આયોજન ભારત વર્ષ મા સાંસ્કૃતિક ધરો હર ગુજરાત ના ગરબા વિશ્ર્વ વિખ્યાત છે તાજેતર મા કેનેડા ખાતે ગુજરાતી સમાજ ના લોકો દ્વારા નવરાત્રી નુ આયોજન કરવા મા આવ્યુ જેમા ખાડિયા દેસાઈ ની પોળ ના અખાભગત ચેરીટેબલ ટ્રસ્ટ ના મૈત્રી પાસાવાલા પરિવાર નવરાત્રી મહોત્સવ મા ઉત્સાહ પૂર્વક જોડાય ગરબા ની મઝા માણી હતી

## સાવરકુંડલામાં હિન્દુયુવાસંગઠન દ્વારા ૧૦૮ કાનુડા સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી




સાવરકુંડલા, જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે સાવરકુંડલામાં ભવ્ય શોભાયાત્રાએ શહેરને રંગીન બનાવ્યું હતું. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ પ્રેરિત હિન્દુ યુવા સંગઠન યુવાનોએ આ આયોજનને સફળ બનાવ્યું હતું.

શાહી ટ્રેક્ટર, રજવાડી રથ, ડીજે, નાસિક ઢોલ અને શણગારેલી બાઈકોની ભવ્ય શોભાયાત્રામાં બહેનો દ્વારા તલવાર રાસ દંડ યુદ્ધ તેમજ શોભાયાત્રા ના રૂટ પર મટકી ફોડ કાર્યક્રમ એ લોકોને આકર્ષિત કર્યા હતા અને કુસ્તી કલા જેવી અન્ય કલાઓ પણ રજૂ કરવામાં આવી હતી. હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા અને ભગવાન શ્રીકૃષ્ણની વિવિધ મૂર્તિઓ, ઢોલ, નગારા અને ધુન વગાડતા લોકોએ વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.સાવરકુંડલાના મુખ્ય માર્ગો પર ફરતી આ શોભાયાત્રા દરમિયાન ભક્તોએ ભજન-કીર્તન કરીને ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરી હતી. આ શોભાયાત્રા સાવરકુંડલાની સાંસ્કૃતિક વારસોનું પ્રતિનિધિત્વ કરતી હતી અને શહેરની એકતાનું પ્રતીક બની હતી.



## નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી......

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન કૃષ્ણનો જન્મોત્સવ ભક્તિ ભાવપૂર્વક ઉજવાઈ ગયો ત્યારે લોકો પણ પોતાનાં સંતાનોમાં બાલ ગોપાલ ના દર્શન કરી ધન્ય બન્યા. પ્રસ્તુત તસવીરમાં આદિપુરની બાલિકા બાલ ગોપાલના વેશ ભૂષામાં સજ્જ થયેલી નજરે પડે છે. તસવીર : મહેશ સોની નખત્રાણા

## પાટણના પદમનાથ ચાર રસ્તા થી રામનગરમાં પ્રવેશતા રસ્તા ઉપર જાહેર માર્ગો પર પાણી ભરાતા પાટણના ધારાસભ્ય અને શહેર કોંગ્રેસ પ્રમુખ દીપકભાઈ પટેલ દ્વારા મુલાકાત લેવામાં આવી



પાટણ નગરપાલિકા વિસ્તારમાં આવેલ પદ્મનાથ ચાર રસ્તાથી રામનગરમાં પ્રવેશતા રસ્તા ઉપર અને યશધામ સોસાયટી તરફ જતા જાહેર માર્ગ ઉપર ઢીચણ સમા પાણી ભરાયેલા હોઈ સ્થાનિક રહીશો દ્વારા ફરિયાદ કરતા પાટણના એક્ટિવ ધારાસભ્ય કિરીટભાઈ પટેલ દ્વારા આ વિસ્તારની મુલાકાત લેવામાં આવી યશધામ તરફથી આવતા પાણી હાઈવે રસ્તા તરફ હાઈવે બાજુ જવાની જગ્યાએ રામનગરમાં પ્રવેશતા રસ્તા તરફ પાણી નો પ્રવાહ જતો હોય રામનગરના જાહેર રસ્તા ઉપર ખૂબ મોટા પ્રમાણમાં પાણી ભરાયા છે યશધામ તરફથી આવતા લોકોને પણ ઢીચણ સમા પાણીમાંથી પોતાના વાહનો સાથે પસાર થવું પડે છે અને રામનગર માંથી આવતા લોકોને પણ ઢીચણ સમા પાણીમાંથી પસાર થવું પડે છે આ બંને વિસ્તારના લોકોને ઢીચણ સમા પાણીમાંથી પસાર થતા વાહનોને ખૂબ મોટું નુકસાન થાય છે તેમ જ બાળકોને આવતા જતા પણ ઢીંચણ ક્ષમા પાણીમાંથી પસાર થવું પડે છે અહીં પ્રજાપતિ સમાજના ઈષ્ટદેવ પદ્મનાથ ભગવાનનું મંદિર પણ આવેલું છે આ મંદિરમાં દર્શનાર્થે આવતા દર્શનાર્થીઓને ને પણ ઢીચણ ક્ષમા પાણીમાંથી મંદિર તરફ જવું પડે છે પાટણનું આ અંધેર નગરપાલિકા તંત્ર દ્વારા પાણી નિકાલ માટે મશીન પણ મૂકવામાં આવ્યું છે પરંતુ છેલ્લા બે દિવસથી આ મશીન બંધ હાલતમાં છે તો પાટણ નગરપાલિકાનું અંધેર તંત્ર સત્વરે જાગે અને આ વિસ્તારની મુલાકાત લઈ આ પાણીને નિકાલ કઈ રીતે કરી શકાય તે દિશામાં પ્રયત્નો હાથ ધરે તેવી પાટણ શહેર પ્રમુખ દીપક પટેલ ની માગણી છે

## અંકલેશ્વર ગુરુકુલ દ્વારા ભરૂચ શ્રી સ્વામિનારાયણ મંદિર દાંડિયા બજાર સુધી પદયાત્રાનું આયોજન કરાયું




પવિત્ર શ્રાવણમાસમાં ભગવાનને રાજી કરવા તારીખ ૨૫/૦૮/૨૦૨૪ ના રોજ અંકલેશ્વર ગુરુકુલ દ્વારા ભરૂચ શ્રી સ્વામિનારાયણ મંદિર દાંડિયા બજાર સુધી પદયાત્રાનું આયોજન કરાયું. આગામી નવેમ્બર ૨૦૨૪ માં ઉજવાવનાર વડતાલધામ દ્વિશતાબ્દિ મહોત્સવના ઉપલક્ષ્યમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અંકલેશ્વરના યજમાનપદે દિવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. પદયાત્રાનો પ્રારંભ કરતા પહેલા ઠાકોરજીની આરતી ધુન કિર્તન તેમજ શ્રીફળ પૂજ્ય ગુરુજીના હસ્તે વધેરવામાં આવ્યું હતું. પદયાત્રા પ્રારંભે વરસાદી માહોલ વચ્ચે જનમંગલના પાઠ, ધુન ભજન કીર્તન દ્વારા પદયાત્રી ભક્તોએ વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. આ કલ્યાણકારી પદયાત્રામાં પુરુષભક્તો તેમજ મહિલાભક્તો ખાસ્સી સંખ્યામાં જોડાયા હતા પદયાત્રા પૂર્ણ થતા ભરૂચના સ્વામિનારાયણ મંદિરે શ્રી રેવતી - બળદેવજી - હરિકૃષ્ણ મહારાજના દર્શન કરીને તીર્થસમાન ભક્તોએ પોતાના જીવનને ધન્ય બનાવ્યું હતું. અહેવાલ કનુભાઈ ખાચર

## કડમાળ ગામની હદમાં ટવેરા માંથી ખેરનાં લાકડા સાથે ચાર ઝડપાયો એક વોન્ટેડ

આહવા-ડાંગ

ડાંગ જિલ્લાનાં ઊતર વન વિભાગનાં નાયબ વન સંરક્ષક



દિનેશ રબારીની સુચનાં અને માર્ગદર્શન માં શિંગાણા રેંજ નાં રેંજ ફોરેસ્ટ અધિકારી કેયુર પટેલ તેમને બાતમી મળી હતી કે શિંગાણા રેંજનાં કડમાળ ગામની હદમાંથી એક ટવેરા ખેરનાં લાકડા મહારાષ્ટ્ર તરફ જવા નીકળી છે જે બાતમી મળતાં જ આરએફઓ અને તેમની ટીમ રાત્રી દરમ્યાન કડમાળ ગામની સીમ માં વોચ રાખતાં મળસ્કે ૪:૨૦ નાં સુમારે એક ટવેરા નંબર જી.જે-૦૫-સીએમ-૮૦૧૬ આવતાં તેને અટકાવી ટવેરામાં જોતા ટવેરા માં આગળ કેબીન માં અને પાછળ ૨૭ નંગ ખેરનાં લાકડા ભરેલાં હતાં લાકડા ૦.૪૧૫ ધનમીટર કિ.રૂ.૨૦.૦૦૦ પરમીટ વગરનાં લાકડાઓ ઝડપી પાડી ટવેરા ચાલક રવિન્દ્ર જયરામ ગાવિત રહે.કડમાળ,અજિત મગન કાગડે રહે.સુબીર,ફુલસીગ ગોંદીયા પવાર રહે.લહાન કડમાળ,શાંતારામ કાકડીયા પવાર રહે.લહાન કડમાળ ચાર લાકડાચોરોની અટક કરી તેની સામે ગુનો નોધી તપાસ હાથ ધરતાં તપાસમાં તેની સાથે અન્ય એક ઈસમો પણ સામેલ હોય તેમને વોન્ટેડ જાહેર કરી ફરાર આરોપીને ઝડપી પાડવા માટે ની કાર્યવાહી હાથ ધરીયા બાદ આરોપી પાસેથી ડિપોઝીટ પેટે રૂ.૬૦૦૦૦ જમા લઈ આરોપીઓને શરતી જામીન પર છોડી મુકાયાં હતાં

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા

## અતિભારે વરસાદના કારણે પડી ગયેલા અંદાજિત ૫૦ વૃક્ષોનો નિકાલ કરવામાં આવેલ

ગાંધીનગર.

ગાંધીનગર મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં છેલ્લા બે દિવસથી ચાલી રહેલા અતિ ભારે વરસાદના કારણે જમીનનો ઉપલું પડ નરમ પડતા કેટલાક નાના મોટા ઝાડો જાહેર જગ્યા તથા વિવિધ માર્ગો અને બગીચા માં પડી ગયેલ હતા, જે નગરજનોની સલામતીને ધ્યાને રાખીને તા.૨૬/૦૮/૨૦૨૪, સોમવારના રોજ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અંદાજિત ૫૦ ઝાડની ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે.

**બેંગલોર માં યોજાયેલ દિવ્યાંગ ફેશન એન્ડ ટેલેન્ટ શો મા નવજીવન સંસથા નાં મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ એ ધૂમ મચાવી કર્ણાટક સ્ટેટ ફેડરેશન ફોર ડિફરન્ટલી એબલ્ડ અને મહેઝ ફાઉન્ડેશન આયોજીત બેંગલોર ખાતે નાં નેશનલ કક્ષા ના દિવ્યાંગ ફેશન એન્ડ ટેલેન્ટ શો ૨૦૨૪ માં અમદાવાદ ની નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડો.હરિકૃષ્ણ ડાહ્યાભાઈ સ્વામી સ્કુલ ફોર મેન્ટલી ડિસેબલ્ડ નાં ૫ મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ નામે તુલસી ગુજર, દ્રષ્ટિ શાહ, ધાર્મિક શાહ, શીવ પરીખ,અને જીનલ પટેલ એ ભાગ લીધો હતો.આ શો માં ત્રણ રાઉન્ડ હતા.ટ્રેડિશનલ ડ્રેસ માં રેમ્પ વોક, વેસ્ટર્ન ડ્રેસ માં રેમ્પ વોક અને ડાન્સ..આ ત્રણ રાઉન્ડ નાં અંતે સંસ્થા નાં વિદ્યાર્થી ધાર્મિક શાહ અને તુલસી ગુજર ને પ્રથમ રનર્સ અપ નો અને દ્રષ્ટિ શાહ અને જીનલ પટેલ ને સેકન્ડ રનર્સ અપ નો એવોર્ડ પ્રાપ્ત થયો હતો.**




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.